### રેલવેમાં નોકરી અપાવવાના નામે લાખોની ઠગાઈ

# નકલી એપોઈન્ટમેન્ટ લેટર આપી હોટલ મેનેજર સહિત ૪ યુવકોને રૂ.૧૦.૨૪ લાખમાં નવડાવ્યા

**વેસ્ટર્ન** રેલવેમાં ઓળખાણ હોવાની શેખી મારી ઠગે વિશ્વાસ જીત્યો, પ્રતાપનગર રેલવે હોસ્પિટલના નામે બોગસ મેડિકલ સર્ટિ સબમિટ કરી ખેલ પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરામાં સરકારી નોકરી મેળવવાની ઘેલછા ધરાવતા યુવકોને ટાર્ગેટ બનાવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવાનો કિસ્સો સામે આવ્યો છે. વેસ્ટર્ન રેલવેમાં મોટા અધિકારીઓ સાથે સેટિંગ હોવાનો દાવો કરી એક ઠગે હોટલ મેનેજર સહિત ચાર યુવકોને નોકરી અપાવવાનું કહીને તેમની પાસેથી રૂ. 10.24 લાખ પડાવી લીધા હતા. ઠગોએ નકલી એપોઈન્ટમેન્ટ લેટર અને મેડિકલ સર્ટિફિકેટ પણ તૈયાર કરી આપ્યા હતા. આખરે નોકરી કે નાણાં પાછા ન મળતાં ભોગ બનનારાઓએ પોલીસના દ્વાર ખખડાવ્યા છે.

મૂળ મહીસાગર જિલ્લાના અને હાલમાં સયાજીગંજ વિસ્તારના અલંકાર હોટલમાં મેનેજર તરીકે કામ કરતા મોહમદ સાયન આરિફભાઈ શેખનો પરિચય વર્ષ 2023માં હોટલમાં રોકાવા આવેલા મોહમદ જકવાન યુસુફ દેલાવાલા સાથે થયો હતો. આરોપીએ પોતે વેસ્ટર્ન રેલવેનો કર્મચારી હોવાનું કહી મેનેજર સાથે ગાઢ મિત્રતા કેળવી લીધી હતી.

વર્ષ 2024માં જ્યારે રેલવે ભરતીની જાહેરાત આવી, ત્યારે તેમણે નોકરી અંગે પૂછપરછ કરી હતી. આરોપીએ મારી ઉપર સુધી પહોંચ છે, ડાયરેક્ટ નોકરી અપાવી દઈશ તેવી ખાતરી આપી રૂ. 7.50 લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. આરોપીએ તેમની પાસેથી શૈક્ષણિક દસ્તાવેજો મેળવી ઓનલાઈન માધ્યમથી હપ્તે-હપ્તે રૂ. 1.95 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

રૂપિયા પડાવ્યા બાદ આરોપી પ્રોસેસ ચાલુ હોવાનું કહી સમય પસાર કરતો રહ્યો હતો. તેમને કોઈ શંકા ન જાય તેના માટે આરોપીએ એક કથિત એપોઈન્ટમેન્ટ લેટર અને પ્રતાપનગર રેલવે હોસ્પિટલનું ફિટનેસ સર્ટિફિકેટ પણ બનાવી આપ્યું હતું. આ દસ્તાવેજો જોઈ ફરિયાદી સંપૂર્ણ વિશ્વાસમાં આવી ગયા હતા.લાંબો સમય વીતવા છતાં નોકરી ન મળતાં તેમણે તપાસ શરૂ કરી ત્યારે કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. આરોપીએ માત્ર મોહમદ સાયન જ નહીં, પરંતુ તેના અન્ય ત્રણ મિત્રોને પણ આવી જ રીતે શિકાર બનાવ્યા હતા. વારિશઅલી અકબરઅલી બાલીસાના રૂ. 3.00 લાખ, જમીયા મુસ્તાકમિયા મીરઃ રૂ. 2.20 લાખ, મોહમદ ઝુબેર મેહમુદમિયા શેખઃ રૂ. 3.09 લાખ અને મોહમદ સાયન શેખ પાસેથી રૂ. 1.95 લાખ મળી રૂ. 10.24 લાખ મેળવી આરોપી રફૂચક્કર થઈ ગયો હતો. હોટલ મેનેજરે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

#### પોલીસે ગુનો નોંધી બેંક એકાઉન્ટ અને દસ્તાવેજોની તપાસ હાથ ધરી

રેલવેમાં નોકરીના બહાને છેતરપિંડી આચરવા માટે તેમજ પીળી તોનો વિશ્વાસ કેળવવા માટે આપેલા નકલી દસ્તાવેજો અને બેંક ટ્રાન્સફર સ્ટેટમેન્ટ, ઓનલાઈન પેમેન્ટ હિસ્ટ્રી અને બોગસ સર્ટિફિકેટના આધારે આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. બીજી તરફ આરોપીએ આ નકલી દસ્તાવેજ કોની પાસે અને ક્યારે બનાવ્યા હતા? તેમજ અન્ય કોઈ સાથે અગાઉ આવી છેતરપિંડી કરી છે તેની પણ કાર્યવાહી શરૂ કરી છે.

### વિસ્તારને 'એક્સિડન્ટ ઝોન' બનતો અટકાવવા ટ્રાફિક સર્કલ અને પોઇન્ટ મુકવા માંગ

# ભાયલી પ્રિયા સિનેમા પાંચ રસ્તા પર ડમ્પર અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત

**જાનહાની** ટળી, કારનો ભુક્કો, વારંવારના અકસ્માતોથી સ્થાનિકોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરાના ભાયલી વિસ્તારમાં આવેલા પ્રિયા સિનેમા નજીક પાંચ રસ્તા પર ફોર-વ્હીલર કાર અને ડમ્પર વચ્ચે ગમખવાર અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી, પરંતુ અકસ્માતનો ભોગ બનેલી કારને ભારે નુકસાન પહોંચ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર, પુરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરના ચાલકે ફોર-વ્હીલરને અડફેટે લેતાં આ અકસ્માત સર્જાયો હતો. બનાવના પગલે માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ તાલુકા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને ટ્રાફિકને સુવ્યવસ્થિત કરીને વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર પ્રિયા સિનેમા પાંચ રસ્તા પર વારંવાર અકસ્માતો સર્જાતા રહે છે અને યોગ્ય વ્યવસ્થાના અભાવે આ વિસ્તાર હવે અકસ્માત ઝોન બની રહ્યો છે. છેલ્લા ચાર-પાંચ વર્ષમાં વસ્તી અને વાહનોનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે, જેના કારણે સવારે ૯:૩૦ થી ૧૧ વાગ્યા અને સાંજે ૫ થી ૬ વાગ્યાના પીક ઓવર્સ દરમિયાન ભારે ટ્રાફિક જામ થાય છે. થોડા મહિનાઓ પહેલાં પણ પેટ્રોલ પંપ સામે એક યુવતીનું અકસ્માતમાં મોત થયું હતું.

સ્થાનિક રહીશ નવીનભાઈ અને અકસ્માતનો ભોગ બનેલા નિત્ય નામના યુવકે તંત્ર સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા માંગ કરી છે કે આ પાંચ રસ્તા પર તાત્કાલિક યોગ્ય સર્કલ બનાવવામાં આવે. ઉપરાંત સવાર અને સાંજના પીક અવર્સ દરમિયાન ટ્રાફિક પોલીસ પોઈન્ટ મૂકવામાં આવે જેથી વાહનોની ગતિ પર અંકુશ મેળવી શકાય અને ભવિષ્યમાં મોટી દુર્ઘટનાઓ અટકાવી વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

# પોલીસ ભવન નજીક હોવા છતાં નર્મદા ભવનમાં તસ્કરો ત્રાટક્યા

**જૂની** નોંધણી કચેરીનું દરવાજાનું પ્લાય તોડી તસ્કર પંખા-લાઇટ સહિત રૂ.16 હજારનો સરકારી સામાન ચોરી ગયો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

પોલીસ પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે વડોદરાના જેલ રોડ પર આવેલા નર્મદા ભવનમાં સરકારી કચેરીમાં થયેલી ચોરીની ઘટનાએ કાયદો અને વ્યવસ્થાને લઈને અનેક સવાલો ઉભા કર્યા છે. પોલીસ ભવનથી નજીક આવેલા અતિ સંવેદનશીલ વિસ્તારમાં તસ્કરોએ બિન્દાસ્તપણે સરકારી મિલકતની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે.

માહિતી મુજબ, નર્મદા ભવનમાં આવેલી અધિક નોંધણી સર નિરીક્ષકની જૂની કચેરી જુલાઈ-2025માં દિવાળીપુરા સ્થિત નવી કલેક્ટર કચેરી ખાતે ખસેડવામાં આવી હતી. હાલ જૂની કચેરીમાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું હોવાથી ત્યાં અવરજવર ઓછી હતી. આ પરિસ્થિતિનો લાભ લઈ તસ્કરોએ રૂમ નંબર-620ના મુખ્ય દરવાજાના નીચેના ભાગનું પ્લાય તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

28 જુલાઈ, 2026ની રાત્રે રૂટીન ચેકિંગ દરમિયાન સરકારી સામાન ગાયબ હોવાનું સામે આવ્યું હતું. બીજા દિવસે સવારે વિગતવાર તપાસમાં ચોરીની ઘટના બહાર આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તસ્કરો ક્રોમ્પટન કંપનીના 10 સિલિંગ ફેન અને એન્કર કંપનીની 12 એલઈડી લાઈટ સહિત અંદાજે રૂ.16 હજારનો સરકારી સામાન ચોરી ગયા છે. નોંધનીય છે કે 18 જુલાઈએ છેલ્લી વખત તપાસ કરવામાં આવી ત્યારે તમામ સામાન સુરક્ષિત હતો. તેથી આ સમયગાળા દરમિયાન ચોરી થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ અંગે મદદનીશ નોંધણી સર નિરીક્ષક સૂર્યકાંત હઠીલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા અજાણ્યા તસ્કરો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## સયાજી હોસ્પિટલમાં અજાણ્યા દર્દીની હરકતોથી દર્દી પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરાની સયાજી હોસ્પિટલના નવા સર્જિકલ વોર્ડમાં દાખલ એક અજાણ્યા દર્દીના અસામાન્ય વર્તનથી દર્દીઓ, તેમના સગાઓ અને હોસ્પિટલ સ્ટાફ મુશ્કેલીમાં મુકાયા છે. દર્દી વારંવાર પોતાનો બેડ છોડીને લોબી તથા હોસ્પિટલ પરિસરમાં રખડતો હોવાથી સિક્યુરિટી સ્ટાફને સતત તેને પરત લાવવાની ફરજ પડે છે. સર્જિકલ વોર્ડમાં ગંભીર અને ઓપરેશન બાદ આરામ કરી રહેલા દર્દીઓ માટે તેની હરકતો વિક્ષેપરૂપ બની રહી છે. મોટેથી બોલવાની અને અચાનક ફરવા નીકળી જવાની ટેવને કારણે અન્ય દર્દીઓ તથા તેમના સગાઓમાં અસુરક્ષાની લાગણી પણ ફેલાઈ છે. ડૉક્ટરો અને નર્સિંગ સ્ટાફનું કહેવું છે કે આ દર્દી પર સતત નજર રાખવી પડતાં અન્ય દર્દીઓની સારવાર પણ અસરગ્રસ્ત બને છે. સ્ટાફે હોસ્પિટલ પ્રશાસનને જાણ કરી યોગ્ય સુરક્ષા અને સંભાળની વ્યવસ્થા ગોઠવવાની માંગ કરી છે.

### રસ્તા પર માત્ર માટી નાખીને કાગળ પર કામ પૂર્ણ દર્શાવાયું

# દંતેશ્વરના ભાથીજીનગરમાં તંત્રની અડધી કામગીરી: રોડ મંજૂર છતાં ડામર કામ અટકેલું

**અકસ્માતની** ભીતિ વચ્ચે સ્થાનિકો વહેલી તકે પાકો રોડ બનાવવાની માગણી પર અડગ



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલી ભાથીજીનગર સોસાયટીના રહીશો હાલના દિવસોમાં કાચા અને અધૂરા રસ્તાના કારણે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સોસાયટીમાં રસ્તાની સુવિધા માટે તંત્ર દ્વારા રોડ મંજૂર કરવામાં આવ્યો હતો, પરંતુ તેની કામગીરી યોગ્ય રીતે પૂર્ણ કરવામાં ન આવતાં સ્થાનિકોની મુશ્કેલીઓ યથાવત રહી છે.

મંજૂર થયેલા રસ્તા પર તંત્ર દ્વારા માટી અને મેટલ તો નાખવામાં આવ્યા છે, પરંતુ લાંબો સમય વિતવા છતાં હજુ સુધી અહીં પાકો ડામરનો રોડ બનાવવામાં આવ્યો નથી. રસ્તા પર માત્ર માટી નાખીને કામગીરી અધૂરી છોડી દેવાતાં સમગ્ર વિસ્તારમાં કાદવ-કીચડ અને અસમતલ માર્ગ સર્જાયો છે, જેના કારણે સ્થાનિક રહીશો તેમજ વાહનચાલકો માટે અહીંથી પસાર થવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. કાચા રસ્તા અને માટીના કારણે દ્વિચક્રી વાહનો લપસી જવાના અને અકસ્માત સર્જાવાના બનાવોની સતત ભીતિ સ્થાનિકોને સતાવી રહી છે. ખાસ કરીને નાના બાળકો અને વડીલો માટે આ માર્ગ પરથી અવરજવર કરવી જોખમી સાબિત થઈ રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે લાંબા સમયથી રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. વહેલી તકે પાકો માર્ગ તૈયાર કરવામાં આવે તો અકસ્માતની ભીતિ દૂર થશે અને લોકોને રોજિંદી અવરજવરમાં રાહત મળશે.

# રાકેશ સાહુની હાજરીમાં ૩૧ જુલાઈથી ત્રણ દિવસીય થિયેટર વર્કશોપ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

વડોદરાની અગ્રણી નાટ્યસંસ્થા જાહ્નવી કલા વૃંદ તેના 35 વર્ષ પૂર્ણ થવાના અવસરે નવા JKV સ્ટુડિયો અને થિયેટર એકેડેમીનો પ્રારંભ કરી રહી છે. આ પ્રસંગે લોકપ્રિય ટીવી સિરિયલ 'ભાભીજી ઘર પર હૈ'માં મનમોહન તિવારીના પાત્રથી જાણીતા અભિનેતા રોહિતાશ્વ ગૌરના હસ્તે સ્ટુડિયોનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ સાથે 31 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન ત્રણ દિવસીય થિયેટર વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રોહિતાશ્વ ગૌર નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD), દિલ્હીમાંથી નાટ્યશાસ્ત્રમાં સ્નાતક છે અને અનેક ફિલ્મો, ટેલિવિઝન સિરિયલો, જાહેરાતો તથા નાટકોમાં અભિનય કરી ચૂક્યા છે. તેઓ હાલમાં ઓલ ઈન્ડિયા આર્ટિસ્ટ્સ એસોસિએશન, શિમલાના પ્રમુખ પણ છે.

વર્કશોપમાં તેમની સાથે ચિલ્ડ્રન થિયેટરના નિષ્ણાત અને સત્યાન્વેશી થિયેટર ગ્રુપના સ્થાપક પ્રશિક્ષક રાકેશ સાહુ સહ-પ્રશિક્ષક તરીકે જોડાશે. 12 વર્ષથી વધુ વયના રસિકો માટે યોજાનારી આ વર્કશોપની ભાષા હિન્દી રહેશે.

વર્કશોપનું આયોજન સુભાનપુરા સ્થિત જાહ્નવી કલા વૃંદ, શરણમ એન્કલેવ (કોટક મહિન્દ્રા બેંક ઉપર) ખાતે કરવામાં આવ્યું છે. દરરોજ સવારે 10થી બપોરે 1 વાગ્યા અને સાંજે 5થી રાત્રે 8 વાગ્યા સુધી તાલીમ આપવામાં આવશે. આ અંગે સંસ્થાના સ્થાપક કલાપી ધોળકિયાએ માહિતી આપી હતી.

### જૂની ગટર લાઈન દબાઈ જતા રસ્તાઓ પર ગંદુ પાણી, દુર્ગંધથી રોગચાળાનો ભય

# સયાજીગંજ પરશુરામ ભઠ્ઠા ગરાસિયા મોહલ્લામાં ગટર ઉભરાતા રહીશો પરેશાન

**જોખમી** વીજ થાંભલો બદલવાની અને ગટર સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.30:

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલા પરશુરામ ભઠ્ઠા સ્થિત ગરાસિયા મોહલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવાની સમસ્યા ગંભીર બની છે. જૂની અને દબાઈ ગયેલી ભૂગર્ભ ગટર લાઈનોના કારણે અવારનવાર ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળે છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ પરિસ્થિતિને કારણે રોગચાળો ફાટી નીકળવાની પણ ભીતિ ઉભી થઈ છે.

ગટર સમસ્યા ઉપરાંત વિસ્તારમાં આવેલો એક વીજ થાંભલો પણ અત્યંત જર્જરિત હાલતમાં પડી જવાના આરે હોવાનું રહીશોએ જણાવ્યું છે. સ્થાનિકોએ અનેક વખત વીજ કંપની અને પાલિકા તંત્રને રજૂઆતો કરી હોવા છતાં હજુ સુધી કોઈ અધિકારી સ્થળ પર પહોંચી સમસ્યાનો નિકાલ કરતો નથી. જેના કારણે મોટી દુર્ઘટના સર્જાય તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક મહિલા વહીદાબેન સહિતના રહીશોએ જણાવ્યું હતું કે તેઓ અનેક વખત વોર્ડ નં. 12 કચેરીએ જઈ અરજીઓ આપી ચૂક્યા છે. છતાં તંત્ર તરફથી માત્ર આશ્વાસન જ મળે છે, જ્યારે વાસ્તવિક કામગીરી થતી નથી. ચૂંટણી સમયે મત માંગવા આવતા જનપ્રતિનિધિઓ પણ હાલની સમસ્યાઓ અંગે કોઈ ધ્યાન આપતા નથી તેવો આક્ષેપ સ્થાનિકોએ કર્યો હતો. રહીશોએ તંત્રને તાત્કાલિક ગટર લાઈનનું સમારકામ કરી કાયમી ઉકેલ લાવવા તેમજ જોખમી વીજ થાંભલો બદલીને સંભવિત જાનહાનિ અટકાવવા માંગ કરી છે.

# પરિવાર વિદ્યાલયના બીયુ સર્ટિફિકેટ મુદ્દે વાલીની ફરિયાદ

**શાળા** પાસે બિલ્ડિંગ યુઝ પરમિશન ન હોવાનો આક્ષેપ, કમિશનરને લેખિત રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરાના આજવા રોડ પર આવેલી પરિવાર વિદ્યાલયની બિલ્ડિંગને મ્યુનિસિપલ કોર્પોરેશનનું બિલ્ડિંગ યુઝ બીયુ સર્ટિફિકેટ ન હોવાના આક્ષેપો સાથે એક વાલીએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત ફરિયાદ કરી છે.

જયરાજ જતિનભાઈ સોલંકી નામના વાલીએ વડોદરા મહાનગરપાલિકાના કમિશનરને આપેલી અરજીમાં જણાવ્યું છે કે તેઓ આજવા રોડ, વડોદરા ખાતે આવેલી પરિવાર વિદ્યાલયમાં તેમના સંતાનોને ભણાવે છે. શાળા બે અલગ-અલગ મકાનોમાં કાર્યરત છે. વાલીઓ દ્વારા વારંવાર બીયુ સર્ટિફિકેટની નકલ માંગવા છતાં આચાર્ય દ્વારા આપવામાં આવી નથી. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે શાળાના એક કર્મચારી પાસેથી મળેલી માહિતી મુજબ આ શાળા પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલું કાયદેસરનું બિલ્ડિંગ યુઝ બીયુ સર્ટિફિકેટ નથી. જેના અગાઉ આ શાળાને મનપા દ્વારા નોટિસ પણ પાઠવવામાં આવી હતી અને શાળાને સીલ પણ કરવામાં આવી હતી. ગુજરાત સરકારના નિયમો મુજબ કોઈપણ શૈક્ષણિક સંસ્થા માટે બીયુ સર્ટિફિકેટ ફરજિયાત છે. રાજકોટની સ્કૂલ દુર્ઘટના બાદ પણ શાળાઓની સલામતી મુદ્દે સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે આવા સંજોગોમાં વડોદરાની આ શાળા પાસે બીયુ પરમિશન ન હોવાના આક્ષેપો બાદ વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. વાલીએ પત્રમાં માંગ કરી છે કે શાળાની તાત્કાલિક તપાસ કરીને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. આ ફરિયાદની નકલ જિલ્લા કલેક્ટર, વડોદરા અને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીને પણ મોકલવામાં આવી છે.

# અમિતનગર પાસે ડી-માર્ટ સાઈટ પર માટી ધસી પડતાં બે શ્રમિક દટાયા

**સ્થાનિક** મજૂરોની ત્વરિત બચાવ કામગીરીથી બંનેને જીવતા બહાર કાઢાયા

**મહિલા** શ્રમિકને પગમાં ઈજા, વરસાદી સિઝનમાં સલામતીને લઈને ઉઠ્યા સવાલ



(પ્રતિનિધિ) વડોદરા, તા.30:

વડોદરાના અમિતનગર વિસ્તારમાં આવેલી ડી-માર્ટની નિર્માણાધીન સાઈટ પર ગુરુવારે ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. કામગીરી દરમિયાન અચાનક માટીનો મોટો ઢગલો ધસી પડતાં એક પુરુષ અને એક મહિલા શ્રમિક માટીમાં દટાઈ ગયા હતા. ઘટનાને પગલે સાઈટ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં જ સ્થળ પર હાજર અન્ય મજૂરોએ હિંમત અને સૂઝબૂઝ દાખવી તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. કોઈપણ સાધનો વિના હાથ વડે માટી ખસેડી બંને શ્રમિકોને બહાર કાઢવાના પ્રયાસો હાથ ધરાયા હતા. આશરે 15 મિનિટની જહેમત બાદ પહેલા પુરુષ શ્રમિકને અને ત્યારબાદ મહિલા શ્રમિકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ મહિલા શ્રમિકના પગમાં ઈજા થતાં તેને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે, જ્યારે પુરુષ શ્રમિકને સામાન્ય ઈજા પહોંચી હોવાનું અને તેની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ફાયર સ્ટેશન ઓફિસર પ્રતાપભાઈ ડામોરે જણાવ્યું હતું કે ભેખડ ધસી પડ્યાની જાણ થતાં ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી, પરંતુ ત્યાં સુધીમાં સ્થાનિક મજૂરોએ બંનેને બચાવી હોસ્પિટલ મોકલી દીધા હતા. સમગ્ર ઘટનાની જાણ પોલીસને પણ કરવામાં આવી છે. વરસાદી સિઝનમાં યોગ્ય પ્રોટેક્શન વોલ અને સલામતીના પૂરતા પગલાં વિના ખોદકામ કરવું જોખમી બની શકે છે. આ ઘટનાએ નિર્માણાધીન સાઈટો પર શ્રમિકોની સુરક્ષા અને કોન્ટ્રાક્ટરોની જવાબદારી અંગે ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સદનસીબે આ દુર્ઘટનામાં જાનહાનિ ટળી હતી.

### ગબ્બિયન વોલની કામગીરી દરમિયાન ૧૮૭૦ના દાયકાના ૧૨ પ્રાચીન સિક્કાઓ મળતાં ઇતિહાસપ્રેમીઓમાં ઉત્સાહ

# વિશ્વામિત્રીમાંથી દોઢસો વર્ષ જૂના ગાયકવાડ યુગના સિક્કા મળ્યા

**મલ્હારરાવ** ગાયકવાડ અને મહારાજા સયાજીરાવ ત્રીજાના સમયના તાંબા-ધાતુના સિક્કા મળ્યા

**કાટમાળ** હટાવતી વખતે ચમક્યો વારસો, સિક્કાઓને પુરાતત્વ વિભાગને સોંપાશે



(પ્રતિનિધિ) વડોદરા. તા.૩૦

શહેરની વિશ્વામિત્રી નદી કિનારે ચાલી રહેલી ગબ્બિયન વોલની કામગીરી દરમિયાન એક અત્યંત રોમાંચક અને ઐતિહાસિક ઘટના સામે આવી છે. નદી કિનારેથી માટી અને કાટમાળ ખસેડવાની પ્રક્રિયા દરમિયાન ગાયકવાડ શાસનકાળના આશરે ૧૮૭૦ના દાયકાના ૧૨ જેટલા પ્રાચીન સિક્કા મળી આવ્યા છે, જેના કારણે સ્થાનિકો અને ઈતિહાસપ્રેમીઓમાં ભારે કુતૂહલ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વહીવટી તંત્ર દ્વારા વિશ્વામિત્રી નદી કિનારે સુરક્ષા અને સુંદરતાના ભાગરૂપે ગબ્બિયન વોલ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત જેસીબી મશીન અને સ્થાનિક કામદારો દ્વારા નદીના કાંઠેથી માટી તથા કાટમાળ હટાવવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન સફાઈ કામદારોનું ધ્યાન માટીમાં દબાયેલા કેટલાક વિશિષ્ટ અને ચમકદાર જૂના સિક્કાઓ પર ગયું હતું. શરૂઆતમાં એક-બે સિક્કા જ મળ્યા હતા, પરંતુ શંકા અને કુતૂહલથી આસપાસના વિસ્તારમાં વધુ ઝીણવટભરી શોધખોળ કરતા કુલ ૧૨ પ્રાચીન સિક્કાઓ મળી આવ્યા હતા.

મળી આવેલા આ સિક્કાઓની પ્રાથમિક તપાસ અને ઈતિહાસકારોના મતે, આ તમામ સિક્કાઓ બરોડા સ્ટેટના સુવર્ણ કાળના છે. આ સિક્કાઓમાં ખાસ કરીને મલ્હારરાવ ગાયકવાડ તેમજ વડોદરાના પ્રજાવત્સલ શાસક શ્રી સર સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)ના શાસનકાળ એટલે કે આશરે ૧૮૭૦ના દાયકા દરમિયાન ચલણમાં રહેલા તાંબા અને મિશ્ર ધાતુના સિક્કાઓનો સમાવેશ થાય છે. આ સિક્કાઓ પર તામ્રપત્ર શૈલી અને તે સમયની મુદ્રાના અંકો જોવા મળે છે, જે વડોદરાના ભવ્ય આર્થિક અને સામાજિક ઈતિહાસની સાક્ષી પૂરે છે.

આ ઐતિહાસિક શોધ અંગે સ્થાનિક નાગરિક રમેશભાઈએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સિક્કાઓ માત્ર ધાતુના ટુકડા નથી, પરંતુ વડોદરાના સમૃદ્ધ ઐતિહાસિક વારસાનો એક અમૂલ્ય ભાગ છે.

વિશ્વામિત્રીના કાંઠેથી આ પ્રાચીન ખજાનો મળી આવવાની વાત વાયુવેગે પ્રસરતા જ મોટી સંખ્યામાં આસપાસના લોકો સિક્કાઓ જોવા માટે એકઠા થઈ ગયા હતા. વડોદરાવાસીઓમાં આ શોધને લઈને ભારે આનંદ અને ગર્વની લાગણી ફેલાઈ છે. આ ઐતિહાસિક ધરોહર સુરક્ષિત રહે અને તેનો યોગ્ય અભ્યાસ થઈ શકે તે માટે નાગરિકો દ્વારા આ સિક્કાઓને યોગ્ય જાળવણી અર્થે પુરાતત્વ વિભાગને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

### એલેમ્બિક ગ્રુપે ૧૧૯મી સ્થાપના વર્ષગાંઠે સેવા અને હરિયાળીનો સંદેશ આપ્યો

# ૧૧,૯૦૦થી વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ, હજારો બાળકોને પૌષ્ટિક ભોજનનું વિતરણ

**રક્તદાન** શિબિર સહિત સામાજિક સેવા કાર્યક્રમો યોજાયા, ટકાઉ વિકાસ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વર્ષ 1907થી કાર્યરત એલેમ્બિક ગ્રુપે તેની 119મી સ્થાપના વર્ષગાંઠ નિમિત્તે ગુરુવારે વડોદરામાં સામાજિક અને પર્યાવરણલક્ષી કાર્યક્રમોની શ્રેણી યોજી હતી. VMC અને SSNLના સહયોગથી છાણી કેનાલ પાસે 11,900થી વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું, જ્યારે શહેરની 37થી વધુ સરકારી શાળાઓ અને વિવિધ એનજીઓમાં અભ્યાસ કરતા 11,900થી વધુ બાળકોને પૌષ્ટિક ભોજનનું વિતરણ કરાયું. ઉપરાંત, એલેમ્બિક CSR ફાઉન્ડેશન અને ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલના સહયોગથી કરખડી ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કર્મચારીઓ અને સ્વૈચ્છિક રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

એલેમ્બિક ગ્રુપે જણાવ્યું કે વૃક્ષારોપણનો હેતુ પર્યાવરણ સંરક્ષણ, હવાની ગુણવત્તામાં સુધારો અને જૈવવિવિધતાને પ્રોત્સાહન આપવાનો છે, જ્યારે ભોજન વિતરણ દ્વારા જરૂરિયાતમંદ બાળકોના પોષણમાં યોગદાન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કંપનીની 'બ્લડ લિંક હેલ્પલાઈન' દ્વારા અત્યાર સુધીમાં 500થી વધુ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

એલેમ્બિક CSR ફાઉન્ડેશનના ટ્રસ્ટી માલિકા ચિરાયુ અમીને જણાવ્યું કે કંપની માટે વર્ષગાંઠ માત્ર ઉજવણી નહીં, પરંતુ સમાજને અર્થપૂર્ણ રીતે પરત આપવાની તક છે. તેમણે જણાવ્યું કે પર્યાવરણ, આરોગ્ય અને માનવસેવાના ક્ષેત્રે આવા પ્રયાસો ભવિષ્યમાં પણ સતત ચાલુ રહેશે. કંપનીએ ટકાઉ વિકાસ અને સર્વસમાવેશક સમાજના નિર્માણ માટે પોતાની પ્રતિબદ્ધતા પણ પુનઃદોહરાવી.